# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં સહકાર સંમેલનનું ઉદ્ઘાટન કરશે. જ્યારે અમદાવાદમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે**
2. **મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે અમદાવાદ ઝોન કક્ષાનો પોષણ ઉત્સવ યોજાયો**
3. **GCAS પોર્ટલ પર પ્રવેશના પ્રથમ તબક્કાની ઓનલાઈન અરજી કરવાની મુદ્દત 21 મે સુધી લંબાવાઇ.**
4. **રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આગામી છ દિવસ સુધી વરસાદની આગાહી**
5. **દિવ્ય અને ભવ્ય ભૂતકાળને પ્રતિબિંબિત કરતા વિશ્વ સંગ્રહાલય દિવસની આજે ઉજવણી**
6. **આઇપીએલમાં આજે દિલ્હીમાં ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ જ્યારે રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મૂકાબલો.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH AHMEDABAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગરપાલિકાના એક હજાર પાંચસો કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહ આજે સવારે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત મહાસમ્મેલન પણ સંબોધિત કરશે.

## વધુ વિગત અમારા સંવાદદાતા પાસેથી

---

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયા રાજ્યના પ્રવાસે છે જે અંતર્ગત આજે તેઓ રાજકોટના ઉપલેટા ખાતે તેમના 'શ્રી ગોરસ' સાંસદ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ અને નાગરિકો સાથે મુલાકાત કરી તેમના પ્રશ્નો સાંભળશે.

જૂનાગઢ જિલ્લાના વિકાસ કામોની ઝાંખી કરાવતી જિલ્લા વિકાસ વાટિકા પુસ્તિકા નું વિમોચન આયોજનમંડળની બેઠકમાં પ્રભારી મંત્રી રાઘવજી પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે કરાયું હતું. આ ઉપરાંત ગઇકાલે તેમણે રાજકોટના જેતપુરના મેવાસા ખાતે વિવિધ વિકાસકાર્યોનું ઇ-લોકાર્પણ અને આંગણવાડી કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું. તેમણે 'સેવાસેતુ' કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ સાથે દિવ્યાંગ સંસાધન સહાયનું પણ વિતરણ કર્યું હતું. શ્રી માંડવિયા જુનાગઢ ખાતે જિલ્લા

આયોજન મંડળની બેઠકમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ કેશોદ ખાતે યોજાનારી 'ત્રિરંગા યાત્રા'માં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બાલાગામ ખાતે યોજાનારા 'સેવાસેતુ' કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કરશે.

---

# POSHAN UTSAV

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે અમદાવાદ ઝોન કક્ષાનો પોષણ ઉત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે , ગુજરાતે "આહાર એ જ ઔષધ " એ મંત્રને સાકાર કરતા "પોષણ ઉત્સવ" થકી બાળકો, કિશોરીઓ અને માતાઓના આરોગ્ય અને પોષણમાં સુધારો કરવા માટે નોંધનીય કામગીરી કરી સમગ્ર દેશ માટે ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

આ કાર્યક્રમમાં 13 જેટલા સ્ટોલમાં પોષણ ઉત્સવ અંતર્ગત વાનગી નિદર્શન સ્ટોલ રાખવામાં આવ્યો હતો. પોષણ ઉત્સવની ઉજવણીમાં આવેલ અમદાવાદ , ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર,સુરેન્દ્રનગર,બોટાદ, મહેસાણા, પાટણ સહિતના અનેક જિલ્લાના લોકો જોડાયા હતા.

---

# GCAS PORTAL

વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી GCAS પોર્ટલ પર પ્રવેશના પ્રથમ તબક્કાની ઓનલાઈન અરજી કરવાની સુવિધા 21મી મે સુધી લંબાવવામાં આવી

છે.૧૬મી મે સુધીમાં કુલ બે લાખ  કરતાં વધુ વિદ્યાર્થીઓએ ત્વરિત નોંધણી કરાવી દીધી છે.

GCAS પોર્ટલ પર વિદ્યાર્થીઓ  માટે સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં ક્વિક રજીસ્ટ્રેશન ૨૫મી માર્ચથી કાર્યરત કરાયું છે..સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશની કાર્યવાહી માટે યુનિવર્સિટી-કોલેજો દ્વારા એક હજાર જેટલા ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર અને વેરીફીકેશન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યાં છે.

---

# EXAM & INTERVIEW

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા દ્વારા આજે રાજ્યના વિવિધ કેન્દ્રો ખાતે ગુજરાત વડી અદાલતની  નાયબ સેક્શન અધિકારી અને બેલિફની લેખિત પરીક્ષા યોજાશે. તે અંતર્ગત વિવિધ શહેરોની  શાળા-કોલેજો ખાતેના કેન્દ્રમાં આ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે..

તો બીજી તરફ   GPSCના ચેરમેન હસમુખ પટેલે સોશ્યલ મીડિયા    X  પર માહિતી આપી છે કે , આયોગમાં  ડ્રગ ઇન્સ્પેક્ટરના જે ઇન્ટરવ્યૂ  શરૂ થયા હતા  તે ઇન્ટરવ્યૂ રદ કરેલ છે જે ઇન્ટરવ્યૂ ફરી લેવામાં આવશે.  ડ્રગ ઇન્સ્પેક્ટર ઇન્ટરવ્યૂ વિશે વિગતવારની સૂચનાઓ અને નવી તારીખ ટૂંક સમયમાં વેબસાઈટ પર મૂકવામાં આવશે.

---

# WEATHER

આગામી 6 દિવસોમાં ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજથી 22 મે સુધી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતના વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં જ્યારે સૌરાષ્ટ્રના જિલ્લાઓ જેમ કે રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે.

## બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન વૈજ્ઞાનિક

---

# INTERNATIONAL MUSEUM DAY

આજે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ છે. આ વર્ષની થીમ છે ‘ધ ફ્યુચર ઑફ મ્યુઝિયમ્સ ઇન રેપિડલી ચેન્જિંગ કોમ્યુનિટીઝ ’ એટલે કે, ઝડપથી બદલાઈ રહેલા સમુદાયોમાં સંગ્રહાલયનું ભવિષ્ય. રાજ્યમાં છેલ્લા અઢી દાયકામાં ઇતિહાસ, વારસો અને સંસ્કૃતિની જાળવણી કરતા અભૂતપૂર્વ સંગ્રહાલયોનું નિર્માણ કરાયું છે.

સાંભળીએ એક અહેવાલ..

# વોઇસ કાસ્ટ: મયુર સોલંકી

વડનગર ખાતે નવનિર્મિત પુરાતત્વીય અનુભવાત્મક સંગ્રહાલય 13 હજાર 525 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે , જે પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી 7 હજારથી વધુ કલાકૃતિઓને પ્રદર્શિત કરે છે. ભુજનું સ્મૃતિવન ભૂકંપ સ્મારક ગુજરાતમાં વર્ષ 2001માં આવેલા ભૂકંપ દરમિયાન કચ્છમાં જીવ ગુમાવનારા નાગરિકોની સ્મૃતિમાં બનાવાયું છે. તો ગાંધીનગરની દાંડી કુટિર એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન પર આધારિત ભારતનું પ્રથમ હાઇટેક અને અત્યાધુનિક મ્યુઝિયમ છે. આ ઉપરાંત માંડવીના શ્યામજીકૃષ્ણ વર્મા મેમોરિયલમાં દેશભકતોના સચિત્ર સમર્પણની ગાથા પ્રસ્તુત કરવામાં આવી છે.

## મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# IPL MATCH WASHOUT

IPLમાં આજે ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ તથા રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

રાજસ્થાન રોયલ્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે બપોરે 3:30 વાગ્યે સવાઈ માનસિંહ સ્ટેડિયમ, જયપુર ખાતે થશે, જ્યારે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે સાંજે 7:30 વાગ્યે અરુણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી ખાતે થશે.

દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને કારણે સ્થગિત થયા બાદ ગઇકાલથી ફરી શરૂ થયેલી Ipl સ્પર્ધામાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને

કોલકાતા નાઈટ રાઈડર્સ – વચ્ચેની મેચ ભારે વરસાદને કારણે ધોવાઈ ગઈ હોવાથી કોલકાતા નાઈટ રાઈડર્સ, આઈપીએલમાંથી બહાર થયું છે.

વરસાદને કારણે, RCB 17 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે ગુજરાત ટાઇટન્સના 16 પોઈન્ટ અને પંજાબ કિંગ્સના 15 પોઈન્ટ છે

ઉલ્લેખનીય છે કે એક અઠવાડિયાના વિરામ બાદ બીસીસીઆઈએ ટુર્નામેન્ટના બાકીના સમયપત્રક માટે એક નવું શેડ્યૂલ બહાર પાડ્યું છે , જેમાં મોહાલી અને ધર્મશાલામાં કોઈ મેચ રમાશે નહીં. ફાઇનલ મેચ જે 25 મેના રોજ રમાવાની હતી તે હવે 3 જૂનના રોજ રમાશે. પ્લેઓફ માટેના સ્થળોની જાહેરાત પછીથી કરવામાં આવશે.

---

# CPL CRICKET

ક્રિકેટ પ્રીમિયર લીગ 2025 આ વર્ષે ફરી શરૂ થઇ રહી છે, 31 મેથી 15 જૂન દરમિયાન આ મેચોનું આયોજન કરાયું છે.. ટીમોની હરાજીની પ્રક્રિયા પૂરી થવાની સાથે જ આ ટુર્નામેન્ટની બીજી આવૃત્તિનો આરંભ થઇ રહ્યો છે.

સીપીએલનો ઉદ્દેશ્ય રણજી ટ્રોફીના ઉત્કૃષ્ટ ખેલાડીઓ અને ઉભરી રહેલી સ્થાનિક પ્રતિભાઓ પોતાનું કૌવત દેખાડી શકે તે માટે તેમને એક સંરચિત, પ્રોફેશનલ પ્લેટફૉર્મ પૂરું પાડી ગુજરાતના ઘરેલું ક્રિકેટના લેન્ડસ્કેપને નવા સ્તરે લઈ જવાનો છે. સાબરમતી સ્ટ્રાઇકર્સ, અમદાવાદ એરોઝ, કર્ણાવતી કિંગ્સ, હેરિટેજ સિટી ટાઇટન્સ, નર્મદા નેવિગેટર્સ અને ગાંધીનગર લાયન્સ એમ 6 ફ્રેન્ચાઇઝીઓ આ બીજી સીઝન માટે તૈયાર છે.

---